# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૧૭ જાહેરનામું"**

**"Head Teacher Aptitude Test -2017 Notification"**

**જાહેરનામાં ક્રમાંક:રાપબો/HTAT/૨૦૧૭/૨૦૦૩-૨૧૨૪** **તા:૨૭/૦૩/૨૦૧૭**

શિક્ષણ વિભાગના તા:૨૨/૦૯/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે થી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક(વર્ગ-૩) ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education, District Primary Education Committees and Municipal Primary Education Committees Recruitment Rules,2016 બનાવવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના તા:૧૮/૦૩/૨૦૧૭ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૧૧/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે થી નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, જીલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિઓ અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓમાં મુખ્ય શિક્ષક(વર્ગ-૩) ની જગ્યાએ સીધી ભરતી/બઢતીથી નિમણૂંક મેળવવા નિયમો Head Teacher, Class-III, in Directorate of Primary Education/District Primary Education Committees and Municipal Primary Education Committees Recruitment (Amendment) Rules,2017 બનાવવામાં આવ્યા છે.

મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી અંગેના શિક્ષણ વિભાગના તા:૨૨/૦૩/૨૦૧૭ ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક થી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક (Head Teacher) માટેની અભિયોગ્યતા કસોટી માટેના નિયમો ઠરાવવામાં આવેલ છે.

પ્રાથમિક શાળાઓમાં બઢતી અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટેની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો માટે મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી Head Teacher Aptitude Test (HTAT) રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા એપ્રિલ-૨૦૧૭ માં લેવા માટે નીચેની વિગતે આથી જાહેરનામું બહાર પાડવામાં આવે છે. સદર કસોટી/પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ હેઠળ નક્કી કરેલ જિલ્લાઓમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ લેવામાં આવશે.

- **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) નો કાર્યક્રમ:**

| ક્રમ | વિગત | તારીખ/સમયગાળો |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૭/૦૩/૨૦૧૭ |
| ૨ | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | ૩૧/૦૩/૨૦૧૭ |
| ૩ | ઉમેદવારો માટે HTATનું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | ૦૧/૦૪/૨૦૧૭ થી ૧૦/૦૪/૨૦૧૭ |

| | | |
|---|---|---|
| ૪ | કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસમાં તેમજ નેટ બેંકીંગ મારફત ફી સ્વીકારવાનો સમયગાળો | ૦૧/૦૪/૨૦૧૭ થી ૧૧/૦૪/૨૦૧૭ |
| ૫ | OJAS ની વેબસાઈટ પરથી હોલટિકીટ (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરવાની તારીખ | ૧૮/૦૪/૨૦૧૭ |
| ૬ | કસોટી/પરીક્ષાની તારીખ | ૨૩/૦૪/૨૦૧૭ |

❖ <u>શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગતો:</u>

**શિક્ષણ વિભાગના તા:૨૨/૦૯/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/૫૦/પીઆરઇ/૧૧૧૫/એસઆઇ/એફ/૧૧/કે અન્વયે સીધી ભરતી / બઢતીથી મુખ્ય શિક્ષક થવા માટે નિયત કરેલ અને તેમાં વખતોવખત થતા સુધારા-વધારા મુજબની શૈક્ષણિક લાયકાત, અનુભવ અને અન્ય જોગવાઇ/શરતો પરિપૂર્ણ કરતા ઉમેદવારો જ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટીમાં ઉપસ્થિત થઇ શકશે.**

- માત્ર બઢતીથી મુખ્ય શિક્ષક થવા માટેની પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકની અનુભવની વિગતોમાં ક્રમ નં:૧ અને ૨ માં જણાવેલ અનુભવ પૈકી લાગુ પડતી વિગતો દર્શાવવાની રહેશે. આવા ઉમેદવારો માટે ઓનલાઇન અરજીપત્રકની શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવવી ફરજીયાત રહેશે નહિ.
- માત્ર સીધી ભરતીથી મુખ્ય શિક્ષક થવા માટેની પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકની અનુભવની વિગતોમાં ક્રમ નં:૩ થી ૯ માં જણાવેલ અનુભવ પૈકી લાગુ પડતી વિગતો દર્શાવવાની રહેશે. આવા ઉમેદવારો માટે ઓનલાઇન અરજીપત્રકની શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવવી ફરજીયાત રહેશે.
- બઢતી અને સીધી ભરતી બંન્નેથી મુખ્ય શિક્ષક થવા માટેની પાત્રતા ધરાવતા હોય તેવા ઉમેદવારોએ ઓનલાઇન અરજીપત્રકની અનુભવની વિગતોમાં ક્રમ નં:૩ થી ૯ માં જણાવેલ અનુભવ પૈકી લાગુ પડતી વિગતો દર્શાવવાની રહેશે. આવા ઉમેદવારો માટે ઓનલાઇન અરજીપત્રકની શૈક્ષણિક લાયકાતની વિગતો દર્શાવવી ફરજીયાત રહેશે.

**શૈક્ષણિક લાયકાત અને અનુભવની વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.**

❖ <u>કસોટીનું માળખુ:</u>

- આ કસોટી બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની (Multiple Choice Question Based-MCQS) રહેશે.
- આ કસોટીઓ બે વિભાગમાં રહેશે. વિભાગ-૧ માં ૭૫ પ્રશ્નો રહેશે તથા વિભાગ-૨ માં ૭૫ પ્રશ્નો રહેશે.
- આ કસોટીઓમાં વિવિધ કુલ હેતુલક્ષી ૧૫૦ પ્રશ્નો રહેશે અને પ્રશ્નપત્રનો સળંગ સમય ૧૨૦ મિનીટનો રહેશે.
- આ કસોટીઓના બંન્ને વિભાગ અને તમામ પ્રશ્નો ફરજીયાત રહેશે. આ કસોટીના બંન્ને વિભાગનું સળંગ એક જ પ્રશ્નપત્ર રહેશે.
- દરેક પ્રશ્નનો એક ગુણ રહેશે
- આ કસોટીઓના મુલ્યાંકનમાં કોઇ નકારાત્મક મુલ્યાંકન રહેશે નહી.
- પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ શિક્ષણ વિભાગના તા:૨૨/૦૩/૨૦૧૭ ઠરાવક્રમાંક: પીઆરઈ/૧૧૧૧/૨૮૩૪/ક માં જણાવ્યા અનુસાર રહેશે.

  (ઠરાવની નકલ બોર્ડની વેબસાઇટ http://gujarat-education.gov.in/seb/ પર ઉપલબ્ધ છે.)

❖ <u>પરીક્ષા ફી :</u>

- SC, ST, SEBC, PH કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી 250/– (બસો પચાસ પુરા) જ્યારે જનરલ કેટેગરીના ઉમેદવારો માટેની પરીક્ષા ફી 350/– (ત્રણસો પચાસ પુરા) ભરવાની રહેશે. આ ઉપરાંત સર્વિસ ચાર્જ અલગથી રહેશે.
- કોઇપણ સંજોગોમા ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.
- **ફી સ્વીકાર કેન્દ્રઃ-**
  - ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝ પોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ પ્રિન્ટ થયેલ ચલણથી ફી ભરી શકાશે. ચલણની ત્રણેય નકલ પર ભારતીય પોસ્ટ ઓફીસ સિકકો અને તારીખ નાખી આપશે. જેમાંની બે સ્લીપ ઉમેદવારને પોસ્ટ ઓફીસ ધ્વારા પરત આપવામાં આવશે.
  - ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકાશે. ઓનલાઇન ફી જમા કરાવવા માટે "Print Application/Challan" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ "Online Payment" ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં "Net Banking of fee" અથવા "Other Payment Mode" ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

❖ <u>કસોટી/પરીક્ષા કેન્દ્ર:</u>

- કસોટી/પરીક્ષા માટે નોંધાયેલ ઉમેદવારોની સંખ્યા તથા પરીક્ષાલક્ષી વહીવટી અનુકૂળતા અનુસાર રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કસોટી/પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવશે. ઉમેદવારે બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ પરીક્ષા કેન્દ્ર પર પરીક્ષા આપવાની રહેશે.

❖ <u>પ્રશ્નપત્રનું માધ્યમ</u>

- પ્રશ્નપત્રનું માધ્યમ ગુજરાતી રહેશે.

## ➢ <u>ઓનલાઈન અરજી કરવાની રીત :</u>

- આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા "મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી-૨૦૧૭" તા:૦૧/૦૪/૨૦૧૭ (બપોરના ૧૪.૦૦ કલાક) થી તા:૧૦/૦૪/૨૦૧૭ (બપોરના ૧૫.૦૦ કલાક) દરમિયાન http://ojas.gujarat.gov.in પર ઓનલાઈન જ અરજીપત્રક સ્વીકારવામાં આવશે. ઉમેદવારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ નીચે મુજબની છે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.
- અરજી ફોર્મ જાતે જ ચોકસાઈપૂર્વક online ભરવાનું રહેશે. <u>નામ, અટક, જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઈ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.</u>
- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://ojas.gujarat.gov.in** પર જવું.
- "Apply On line" પર Click કરવું.
- "Apply for HTAT – મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી" ઉપર Click કરવું.

- તેની નીચે Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌ પ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. ( અહીં લાલ(*) કુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- Educational Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- Experience Details ઉપર Click કરીને તેની વિગતો પૂરેપૂરી ભરવી.
- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload Photo પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહી Photo અને Signature upload કરવાના છે.(ફોટાનું માપ 5 સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને 7.5 સે.મી. પહોળાઈ રાખવી.) Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે સોફ્ટકોપીમાં હોવા જોઈએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં JPG formatમાં તમારો Photo store થયેલ છે તે ફાઈલને Select કરો અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં Upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમા Confirm Application પર Click કરો અને Application Number તથા Birth Date Type કર્યા બાદ Ok પર Click કરવાથી બે (2) બટન 1:Application Preview 2.Confirm Application દેખાશે. ઉમેદવારે Show Application Preview પર Click કરી પોતાની અરજી જોઈ લેવી.
- અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ **અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી**. જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application **પર** Click **કરવુ. વધુમાં ઉમેદવારે વિગતો ભરતી વખતે જો નામ, કે અટકમાં જો કોઈ ભૂલ કરેલ હશે તો પાછળથી માર્કશીટમાં કોઈ સુધારો કરવામાં નહી આવે તેની ઉમેદવારે ખાસ ધ્યાન રાખવુ.**
- Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં online સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. Confirmation Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહી.
- Print Application/Challan ઉપર ક્લીક કરીને Confirmation Number અને Birth Date નાંખીને ભારતીય પોસ્ટ ઓફીસની પે સ્લીપ (ચલણ) ડાઉનલોડ કરવું. આ પે સ્લીપથી પરીક્ષાના ફીની રકમ ગુજરાતની કોઈપણ કોમ્પ્યુટરાઈઝડ ભારતીય પોસ્ટ ઓફીસમાં ભરવાના રહેશે. ઉપરાંત ભારતીય પોસ્ટઓફીસ દ્વારા પરીક્ષા ફી પેટેના સર્વિસ ચાર્જ સહિતના રૂપિયા ૧૨/-ચાર્જ ઉમેદવારે ભોગવવાનો રહેશે. આ ઉપરાંત ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે.

- <u>**અગત્યની સુચનાઓ:**</u>
    - **મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા આવેદનપત્ર મંગાવવામાં આવે અને તેમાં જે માહિતી માંગેલ હોય તે માહિતીની વિગતો છુપાવવામાં આવી હોય અથવા ખોટી માહિતી આપવાનું રાજ્ય પરીક્ષા બોર્ડને માલુમ પડશે તો તેવા ઉમેદવારના પરિણામ રદ કરવાનો નિર્ણય અધ્યક્ષશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ લેશે.**
    - **ઉમેદવારે પોતે ભરેલ ફોર્મની વિગત સાચી છે તેવું પ્રમાણપત્ર ઓનલાઈન આપવાનું રહેતુ હોઈ જો કોઈ ખોટી વિગત રજુ કરશે તો તેનુ ફોર્મ રદ થવા પાત્ર બનશે તથા તેની સામે ફોજદારી ગુનો બનશે.**
    - **ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ખરાઈ કરવામાં આવતી નથી. આથી વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગત માટે ઉમેદવાર પોતે જવાબદાર રહે છે.**
    - **વ્યક્તિગત માહિતી, શૈક્ષણિક લાયકાત, અનુભવ તેમજ અન્ય વિગતોની ચકાસણી ભરતી પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે અને આ અંગે ભરતી પસંદગી સમિતિનો નિર્ણય જ અંતિમ રહેશે.**
    - સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા:૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ અને આ અંગે વખતોવખતના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારીનું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર મેળવેલ હોવું જોઈએ.
    - અનુસૂચિત જાતિના તેમજ અનુસૂચિત જનજાતિના કિસ્સામાં સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
    - શારિરીક અપંગતા( Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર હોવું જરૂરી છે.
    - આ કસોટીમાં જનરલ કેટેગરી માટે ઓછામાં ઓછા 60% (90 ગુણ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
    - જયારે અનુસૂચિત જાતિ , અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછત અને શારિરીક અપંગતા(Physically Handicap) ના કિસ્સામાં ઓછામાં ઓછા 55%(82 ગુણ ) મેળવેલ હશે તો જ પાસ ગણાશે.
    - ઉમેદવારે વેબસાઈટ પર ઓનલાઇન ભરેલ ફોર્મની પ્રિન્ટ કાઢી તે ફોર્મમાં સહી કરીને જરૂરી આધારો જેવા કે, પરીક્ષા ફી ભર્યાની પે સ્લીપ નકલ, સ્વપ્રમાણિત જાતિ પ્રમાણપત્ર , ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) પ્રમાણપત્ર, શારિરીક અપંગતા (Physically Handicap) અંગેનું પ્રમાણપત્ર પૈકી ઉમેદવારને લાગુ પડતા હોય તેવા આધારો સાથે પોતાની પાસે રાખવાના રહેશે. જ્યારે પણ કોઈ જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે રજુ કરવાનું ફરજીયાત રહેશે. જેના વિના કોઈ રજુઆત ગ્રાહ્ય રહેશે નહી.
    - જે ઉમેદવારે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ મેળવેલ હશે તે જ ઉમેદવાર પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી જાહેરનામા દર્શાવેલ તારીખથી પોતાનો કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીથી વેબસાઈટ નિયમિત જોતા રહેવું આવશ્યક છે.
    - ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે /પાછળ આપેલી સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો. તે જ રીતે પરીક્ષા વખતે આપવામાં આવનાર અને હોલ ટીકીટ વેબસાઈટ પર નમૂનારૂપે મૂકવામાં આવેલ OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઊભી ન થાય.

❖ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ મુખ્ય શિક્ષક અભિયોગ્યતા કસોટી (HTAT) બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી સાવધ રહેવા જણાવવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

❖ ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીના ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર 1800 233 7963 ઉપર સંપર્ક કરી શકાશે.

❖ આ કસોટી પ્રાથમિક શાળાઓમાં બઢતી અને સીધી ભરતીથી મુખ્ય શિક્ષક તરીકે નિમણૂક મેળવવા માટે જરૂરી લાયકાત માટેની છે. તેનાથી મુખ્ય શિક્ષક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.

સ્થળ:ગાંધીનગર

તારીખ:૨૭/03/૨૦૧૭

(પી એ. જલુ)
અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

➢ **<u>નકલ સવિનય જાણ તથા અમલ સારૂ:</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- એસ.આઈ.ઓ.શ્રી, એન.આઈ.સી., ગુજરાત રાજય, ગાંધીનગર.
- ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ.

➢ **<u>નકલ સવિનય રવાના જાણ સારૂ :</u>**

- માનનીય શિક્ષણમંત્રીશ્રીના - અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માનનીય રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના - અંગત સચિવશ્રી - શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર.
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,તમામ.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તમામ.
- શાસનાધિકારીશ્રી, તમામ
- આચાર્યશ્રી, અધ્યાપન મંદિર, તમામ (ડાયટ મારફતે)